# ૧.૩ જૈન ધર્મનો આવનારો (ભવિષ્ય) કાળ (છઠ્ઠોઆરો)

## છઠ્ઠા આરાનું સ્વરૂપ

દરેક ધર્મમાં કાળ (સમય)ની ગણના પોત-પોતાની રીતે થઈ છે. તે કાળ મુજબ આવનારા ભવિષ્યનો ખ્યાલ પણ બંધાયો છે. હિંદુ ધર્મમાં જેમ સત્ યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એમ ચાર યુગ - મન્વંતર વગેરેની ગણના થયેલી છે. તેમ જૈન ધર્મમાં ઉત્સર્પિણી કાલ અને અવસર્પિણી કાલ છે તે એક એકમાં છ - છ આરા, કુલ બાર આરાનું કાલ ચક્ર થાય છે.

વર્તમાન અવસર્પિણી નામના કાલમાં પાંચમો આરો ચાલે છે. આ પાંચમો આરો ૨૧૦૦૦ (એકવીસ હજાર) વર્ષનો ગણાવ્યો છે. જેમાંથી ૨૫૩૦ (પચ્ચીસો ત્રીસ) વર્ષ પસાર થઈ ચૂક્યાં છે. હજી સાડા અઢાર હજાર વર્ષ પસાર થશે પછી બીજા એકવીસ હજાર (૨૧૦૦૦) વર્ષનો અતિ દુ:ખદ કાલ દુષમ - દુષમ નામનો છઠ્ઠો આરો આવશે.

પાંચમાં આરાનાં અંતે શરુ થયેલું દુ:ખદ સ્વરૂપ, છઠ્ઠા આરામાં તીવ્ર કક્ષાએ ચાલું રહેશે અને દિવસે દિવસે વધુને વધુ જગતને દુ:ખદ કરતું જશે. આ કાલમાં કોઈ રાજ્ય-નગર-શહેર કે ગામ જેવી વ્યવસ્થા કે સુખની કડી જોવા નહિં મળે. ધર્મ-ન્યાય-નીતિ વ્યવહાર જેવી ચીજ આ જગતમાંથી વિદાય થઈ ગઈ હશે. રાજા-મંત્રી-કાયદો-વ્યવસ્થા વગેરે ભૂતકાળ બની ગયું હશે, ચારે તરફ મહાસાગરોના પાણી ફરી વળેલાં દેખાતાં હશે અથવા સૂકી ભઠ્ઠ, અગ્નિમાં શેકાતી, નિર્બીજવાળી નકામી ધરતી હશે, નદીઓના કાંઠે-કાંઠે અવશેષ રૂપ ગણાતા થોડાંક જ મનુષ્યો જીવતાં મથતાં હશે. બધાં જ માનવો ઠીંગુજી  હશે.

છઠ્ઠા આરાના આરંભમાં મનુષ્યનું ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) શરીર બે હાથનું અને ઘટતાં ઘટતાં અંતમાં કંઈક ન્યૂન એક હાથનું હશે. આયુષ્ય પુરુષોનું ઉત્કૃષ્ટથી ૨૦ વર્ષ અને સ્ત્રીઓનું ૧૬ વર્ષનું હશે. આ મનુષ્યો વગેરે નદીના કાંઠે બીલમાં વસનારા હશે. સવાર અને સાંજે માત્ર એક એક મુહૂર્ત સુધી જ બીલની બહાર નીકળી શકશે. આ એક એક મુહૂર્તના સમયમાં મનુષ્યો બીલમાંથી બહાર નીકળીને દોડતાં નદી ઉપર જઈ નદીમાંથી માછલાં પકડી કીનારે નાંખશે. મુહૂર્ત બાદ સવારે સૂર્યનો પ્રચંડ તાપ અને રાત્રે અતિશય ઠંડી પડતી હોવાથી મનુષ્યો બીલની બહાર રહી શકશે નહી.

કિનારે નાખેલા માછલાં સૂર્યના તાપથી શેકાયેલા અને ઠંડીથી શોષાયેલાનો આહાર કરી જીવન નિર્વાહ કરશે. કેમકે જીવતાં અથવા નહિ શોષાયેલા રસવાળા માછલાં પાચન થઈ શકે એવી પાચનશક્તિ મનુષ્યોની હોતી નથી. માટે શેકાયેલા અને શોષાયેલા માછલાંનો આહાર કરશે.

વળી આ મનુષ્યોના શરીરના આકાર ઘણા બેડોળ, કદરૂપા અને દુર્ગંધી કાયાવાળા હશે. તેમજ આચાર-વિચાર રહિત, માતા-સ્ત્રી-બહેન આદિના વિવેક વિનાના હશે, તિર્યંચ સરખા, વ્યભિચાર વૃત્તિવાળા હશે, મોટાં-નાનાની મર્યાદા વિનાના આપખુદી નિર્લજ્જ હશે, છ વર્ષની વયે સ્ત્રી ગર્ભ ધારણ કરી ઘણા બાળકોને જન્મ આપનારી બનશે, વ્રત-પચ્ચક્ખાણ રહિત, પ્રાય: ધર્મસંજ્ઞા વિનાના હશે, મનુષ્યનાં મડદાંનો પણ આહાર કરનારા, અતિ ક્રૂર ચિત્તવાળા, મૃત્યુ પામીને મોટા ભાગના મનુષ્યો દુર્ગતિમાં કે નરકગતિમાં જનારા થશે.

આવા વિકૃત અને વ્યથા પમાડે તેવા સમયમાં કાળ જેટલો જવાબદાર ગણાવાય છે તેટલો જ જવાબદાર આજનો કે આવનારો માનવસમૂહ જ ગણાશે. અમર્યાદિત ભોગ–વિલાસ–હિંસાચાર–દુરાચાર–વ્યભિચાર–પાપાચાર કારણભૂત બનશે. અને સ્વાર્થી ક્રૂર–ઘાતકી–પાપી માણસો વગેરે આ કાળમાં ઉત્પન્ન થઈ વધુ દુ:ખી – પાપી બની અધોગતિ પામશે.

અંતે ૨૧૦૦૦ વર્ષનો છઠ્ઠો આરો પૂર્ણ થતાં અવસર્પિણી કાળની સમાપ્તિ થશે.

અવસર્પિણી કાળની સમાપ્તિ બાદ ઉત્સર્પિણી કાળની શરૂઆત થશે. તેમાં ધીમે ધીમે બધુ આયુષ્ય – બલ– જ્ઞાન વગેરે સારૂ થવાની શરૂઆત થાય છે. તેમ છતાં પહેલો બીજો આરો તો અહિના છઠ્ઠા અને પાંચમાં આરાજેવો દુ:ખદ પસાર થશે તે પછી ત્રીજા–ચોથા–આરામાં ક્રમશ: સર્વ બાબતો વધતી જશે.

jainuniversity.org